ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 16th May, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

..............................................................., ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ૧૫ વર્ષથી વધુ વયજૂથ માટે

### પાંચ દિવસીય "Communicate with Science" વેકેશન વર્કશોપનું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ગણિત અને વિજ્ઞાન વિષયને જીલ્લાના છેવાડાના ગ્રામ્ય વિસ્તારથી લઈને શહેરના લોકોને વિજ્ઞાનાભિમુખ કરવાના ઉમદા હેતુથી ૧૭ વર્ષથી વર્ષ દરમ્યાન અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

આજના યંત્ર યુગમાં આજની યુવાપેઢી સમયની સાથે સતત આગળ વધવાની સાથે કંઇક નવું કરવાની પ્રબળ ચાહ સાથે દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. આ સમયમાં એમને મળતું ટેકનોલોજી વિષયક અધૂરૂં જ્ઞાન ક્યારેક સૌની માટે સંકટ બની જય છે. આથી કુદરત અને ટેકનોલોજીના સુમેળભર્યા સમન્વયને આવતીકાલનું ભવિષ્ય બનનાર યુવાપેઢી સમજી-વિચારીને પોતાને મળતા જ્ઞાનનો સારી રીતે ઉપયોગ કરી ટેકનોલોજીની સાથે પર્યાવરણનું જતન કરી દરેક ક્ષેત્રમાં કઈ રીતે આગળ વધી શકાય તે માટેની સમજ કેળવાય એવા હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારાજૂન મહિનાના પ્રથમ અઠવાડિયા દરમિયાન પાંચ દિવસીય વેકેશન વર્કશોપ **"Communicate with Science"**નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં નીચે મુજબના વિષયો પર તજજ્ઞો દ્વારા વિશેષ માહિતી આપવામાં આવનાર છે.

1. **Lecture on BLACK HOLE & Mission Shakti with Night Safari by 12in Telescope**
2. **Visual Communication**
3. **Forensic Science**
4. **Artificial Intelligence**
5. **Coastal Area of Gujarat**

આ વર્કશોપમાં ૫૦ વ્યક્તિઓની મર્યાદા હોવાથી આ વર્કશોપની વધુ માહિતી અને ભાગ લેવા ઈચ્છતા વ્યક્તિઓએ તા.30-0૫-૨૦૧૯ સુધીમાં વેબસાઈટ http://krcscbhavnagar.org/programsdetail.aspx?id=77 પર અથવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં ૨૨૦૬/૪-એ, પંજાબ નેશનલ બેંકની પાછળ, સંસ્કાર મંડળ, હિલ ડ્રાઇવ, ભાવનગર ખાતે રૂબરૂ અથવા ફોન : 8866570111 પર સંપર્ક કરી પોતાના નામની નીંધણી કરાવી લેવા અનુરોધ.

16-5-19
11:50AM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.